મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૦ ટકા ● સાંજે ૬૨ ટકા
ગાંધીનગર તાપમાન

જીવના જોખમે મુખ્ય માર્ગો ઓળંગતા રાહદારીઓ

એસ.ટી.ડેપો, સચિવાલય, ઉદ્યોગભવન, ઘ-ચ-૬, ઘ-ચ-૫, ઈન્ફોસીટી, સેન્ટ્રલવિસ્ટા વગેરે સ્થળોએ માર્ગ ઓળંગવામાં રાહદારીઓને ભારે મુશ્કેલી, વાહનચાલકોની અસંવેદનશીલતાથી દિવ્યાંગો, વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માર્ગો ઉપર અસહાય

ગાંધીનગર, તા. ૨૫

શહેરમાં ચુસ્તપણે ટ્રાફિક નિયમોનું પાલન થાય તે હેતુથી તંત્ર દ્વારા અવારનવાર ટ્રાફિક અવેરનેશનું આયોજન થાય છે. પરંતુ આ ટ્રાફિક ઝુંબેશમાં માર્ગ ઓળંગવા માગતા રાહદારીઓ પ્રત્યે તંત્ર બેધ્યાન રહ્યું છે. જે કારણે હાલ શહેરના તમામ મુખ્ય માર્ગો ઉપર રાહદારીઓ જીવના જોખમે માર્ગ ઓળંગી રહ્યા છે. જોકે તાજેતરમાં અમલમાં આવેલ ટ્રાફિક સિગ્નલો થકી રાહદારીઓને રાહત જરૂર થઈ છે પરંતુ વાહન ચાલકો આ અંગે ખુબજ અસંવેદનશીલ હોવાથી શહેરના અનેક સ્થળો માર્ગ ઓળંગવો એ મુશ્કેલભર્યુ બની ગયુ છે.

રાજ્યનું પાટનગર હોવાથી રાજ્યભરમાંથી કામસર પ્રજાજનો ગાંધીનગરની વિવિધ કચેરીઓ આવતા જતાં હોય છે. જેમાં મુખ્યત્વે લોકો જાહેર પરિવહનનો ઉપયોગ કરતાં હોવાથી જે તે સ્થળે ઉતરી ચાલતાં કચેરીએ પહોંચતા હોય છે પરંતુ શહેરના મુખ્ય માર્ગો ઉપરના ભારે ટ્રાફિકથી માર્ગ ઓળંગવો મુશ્કેલ બને છે તો બીજી તરફ વાહનચાલકો પણ રાહદારીઓને પ્રાધાન્ય ન આપી તિવ્ર ગતીએ માર્ગો ઉપરથી પસાર થાય છે ત્યારે સમયસર જે તે સ્થળે પહોંચવા જીવના જોખમે રાહદારીઓ માર્ગ ઓળંગે છે જેમાં ઘણી વખત અકસ્માતો પણ સર્જાયાના દાખલા બન્યા છે.

શહેરના મુખ્ય એસ.ટી.ડેપો, સચિવાલય, વિધાનસભા, ઉદ્યોગભવન, ઘ-ચ-૬, ઘ-ચ-૫, ઈન્ફોસીટી, સેન્ટ્રલવિસ્ટા તથા મુખ્ય સર્કલો સહિત અનેક સ્થળોએ રાહદારીઓ માર્ગ ઓળંગવામાં અવઢવ અનુભવી રહ્યા છે. તાજેતરમાં ટ્રાફિક સિગ્નલ અમલી બનતા રાહદારીઓ જે તરફ સિગ્નલ બંધ હોય ત્યાંથી પસાર થઈ રાહત અનુભવે છે. શહેરના માર્ગો ઉપર ઠેકઠેકાણે ઝિબ્રા ક્રોસીંગની નિશાનીઓ કરેલી છે પરંતુ વાહનચાલકો તે અંગેનો અમલ કરતા નથી જેથી દિવ્યાંગો, વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માર્ગ ઓળંગવા બાબતે પોતાને અસહાય અનુભવે છે. તો બીજી તરફ શહેરમાં ગેરકાયદેસર રીતે મુસાફરોની હેરાફેરી કરતા વાહનો આ બાબતે વધુ અસંવેદનશીલ છે અને બેફામ ગતિએ વાહન હંકારે છે જેથી માર્ગ ઓળંગતા રાહદારીઓ અસલામતી અનુભવી રહ્યા છે. આ અંગે ટ્રાફિક ઝુંબેશમાં ઝીબ્રા ક્રોસીંગને મહત્વ અપાય તેમજ વાહનચાલકોમાં રાહદારીઓ પ્રત્યે સંવેદના ઉભી થાય તેવા પ્રયાસો જરૂરી બન્યા છે.

આરાધના વિદ્યાવિહાર ખાતે ફાયર સેફટી મોક ડ્રીલ યોજાઈ

આરાધના વિદ્યાવિહાર (અંગ્રેજી માધ્યમ), સેક્ટર-૨૮ ખાતે ફાયર સેફટી મોક ડ્રીલના માધ્યમથી વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલીમ આપવામાં આવી હતી. અંજના નિમાવત અને ઉત્કર્ષ ગુપ્તા દ્વારા શાળાના સ્ટાફમિત્રો અને વિદ્યાર્થીઓની ત્રણ ટીમ બનાવી આગ લાગે ત્યારે તેનાથી બચવા અંગે અને કોઈને ઈજા થઈ હોય તો તેને બચાવવા અને પ્રાથમિક સારવાર આપવા અંગેનું માર્ગદર્શન પ્રાયોગિક રીતે આપવામાં આવ્યું હતું.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલના દરવાજા પાસેનુ વિદ્યુત ટ્રાન્સફોર્મર ખસેડવા માંગ

ગાંધીનગર, તા. ૨૫

નેશનલ હાઈવે નં. ૮ને પહોળો કરવાની ચાલી રહેલ કામગીરી દરમ્યાન મોટા ચિલોડા ખાતેની ઓમ લેન્ડમાર્ક સ્કૂલના દરવાજા પાસે આવેલ ઉત્તર ગુજરાત વિજ કંપનીના ટ્રાન્સફોર્મરને અન્યત્ર સુરક્ષિત જગ્યાએ ખસેડવા બાબતે વિજ કંપની દ્વારા આપવામાં આવેલ એસ્ટીમેન્ટ વધુ હોવા છતાં બાળકોની સુરક્ષાને ધ્યાનમાં લઈને સ્કૂલ દ્વારા આ ખર્ચ ભોગવવાની તૈયારી દર્શાવવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સુરત ખાતેના ખાનગી કલાસીસમાં ટ્રાન્સફોર્મરના કારણે આગ લાગવાની ઘટનાને ધ્યાનમાં રાખીને સ્કૂલ સંચાલકો દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. પરંતુ વિજ કંપની દ્વારા આપવામાં આવેલ એસ્ટીમેન્ટની મુદત પુરી થઈ ગઈ હોવાથી તેને વધારી આપવા વિનંતી કરવામાં આવી છે.

અગાઉ તા. ૧૭મી જાન્યુઆરીએ એસ્ટીમેન્ટ નં. ૨૧૯૮થી યુજીવીસીએલના મોટા ચિલોડા સબ ડીવીજનના નાયબ કાર્યપાલ ઈજનેર દ્વારા રૂ. ૧,૩૯,૩૬૬નો એસ્ટીમેટ આપવામાં આવ્યો હતો અને આ એસ્ટીમેટની રકમ ભરવાની છેલ્લી તારીખ ૧૫મી ફેબ્રુઆરી હતી પરંતુ આ એસ્ટીમેટ વધુ લાગતા સ્કૂલ સંચાલકો દ્વારા આ કામ નેશનલ હાઈવે ઓથોરિટી અથવા વીજકંપનીના મુખ્ય કોન્ટ્રાક્ટર દ્વારા કરવાનુ વિચારવામાં આવ્યુ હતુ. આ અંગે વિજ કંપની પાસે શિફટીંગ સુપરવિજન ચાર્જ માંગવામાં આવ્યો હતો જે મૂળ એસ્ટીમેટ કરતા ૧૫ ટકા વધુ હોવાથી કોન્ટ્રાક્ટરને એસ્ટીમેટ તથા સુપરવિજનનો ચાર્જ મળીને મૂળ એસ્ટીમેટ કરતા પણ રકમ વધી જતી હતી. આ દરમ્યાન એસ્ટીમેટ ભરવાની મુદત વીતી જવા પામી હતી. હવે એસ્ટીમેટ વધુ આવતા સ્કૂલ સંચાલકોએ આ કામ ફરી વિજ કંપની પાસે જ કરાવવાનો નિર્ણય લીધો છે અને તે માટે મુદત વધારી આપવા વિનંતી કરી છે. વળી, આ સાથે સ્કૂલ સંચાલકોએ ટ્રાન્સફોર્મર શીફટીંગના કારણોની ભવિષ્યમાં તપાસ કરી તેનો ખર્ચ નેશનલ હાઈવે, વિજ કંપની કે શાળા ત્રણમાંથી કોણે ભોગવવાનો તે માટે કાર્યવાહી કરવાનુ હાથ ધરાશે તેવી રજૂઆત સાથે બાળકોની સુરક્ષા હેતુસર હાલ આ ખર્ચ સ્કૂલ દ્વારા ઉપાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બેફામ ધુમાડા ઓકતી એસટી બસોના પ્રદૂષણને કોણ નાથશે ??

પીયુસીના નામે ખાનગી વાહનચાલકોને વારંવાર દંડો પછાડી દંડતુ તંત્ર એસટી બસોના ગંભીર પ્રદૂષણ સામે ચૂપ કેમ ?? કાળા ડિબાંગ ધુમાડાથી અન્ય વાહનચાલકો સહિત અનેક નાગરિકોના આરોગ્ય પર ગંભીર ખતરો

ગાંધીનગર, તા. ૨૫

એક તરફ રાજ્યભરમાં પ્રદૂષણને પગલે ગ્લોબલ વૉર્મિંગની માઠી અસરો વર્તાઈ રહી છે તેમજ આડેધડ વૃક્ષોનું નિકંદન પણ નીકળી રહ્યું છે ત્યારે બીજી તરફ સરકાર દ્વારા પ્રદૂષણને નાથવાની માત્ર ગુલબાંગો જ પોકારવામાં આવી રહી છે. રાજ્યમાં ખાનગી વાહનચાલકો પાસે પીયુસી સર્ટિફિકેટના નામે દંડો પછાડી નાણા ખંખેરતુ આરટીઓ તંત્ર તેમજ પોલીસતંત્ર સરકારની પોતાની સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો બેફામ ધુમાડા ઓકી પીયુસી સર્ટિફિકેટ તથા પર્યાવરણની 'એસી કી તૈસી' કરતી માર્ગો પર દોડી રહી છે. એસટી બસોના કાર્બનયુક્ત ધુમાડાને કારણે પર્યાવરણને તો ભયંકર નુકશાન થઈ રહ્યું જ છે પરંતુ તે સાથે સાથે તે જ્યાંથી પસાર થાય છે તે વિસ્તારમાં અન્ય વાહનચાલકો તેમજ રાહદારી કે દુકાનધારકો વગેરેના આરોગ્ય સામે પણ ગંભીર ખતરો પેદા કરતી જાય છે.

રાજ્યભરમાં એસટી તંત્રની બસો બેરોકટોક બેફામ ધુમાડા ઓકતી દોડી રહી હોવા છતાં એસટી નિગમ, આરટીઓ, પોલીસ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા પર્યાવરણ નિરીક્ષકો તમામ દ્વારા આંખ આડા કાન કરાઈ રહ્યાં છે. શહેરી રહેણાંક તથા કોમર્શિયલ વિસ્તારો પાસેથી પસાર થતી એસટી બસો જ્યારે કાળા ડિબાંગ ધુમાડાના વાદળો છોડે છે ત્યારે એક સાથે અનેક નાગરિકોના આરોગ્ય પર ગંભીર ખતરો આપતી જાય છે. આવી બસોના કારણે તેની પાછળ આવતા વાહનચાલકોને સ્વાસ વાટે ફેફસાંમાં ભયાનક ધુમાડો ભરાઈ જવાની સ્થિતિ સર્જાય છે જે તેમના માટે ઘાતક નિવડી સકે છે. આ એસટી બસોને માર્ગો પરથી પસાર થતા રોકનાર કોઈ જ નથી જે અત્યંત ગંભીર બાબત છે. સ્તવરે તમામ એસટી બસોના પીયુસી ચેકિંગની કામગીરી હાથ ધરાય તથા આવી ખામીયુક્ત બસોને રીપેર અથવા સર્વિસમાંથી દૂર કરવામાં આવે તેવી નાગરિકોમાં માંગ પ્રબળ બનતી જાય છે.

વિજાપુર-અમદાવાદ બસના ધુમાડાથી અન્ય વાહનચાલકો ત્રસ્ત થયાં

ગાંધીનગરમાં આજે અંદાજે બપોરના પોણા ત્રણ વાગે ઘ-રોડ પરથી પસાર થઈ રહેલ જીજે.૧૮.વાય.૭૭૩૫ નંબરની વિજાપુર-અમદાવાદ બસ સતત બેહિસાબ ધુમાડો ઓકતી પસાર થઈ હતી જેને કારણે સમગ્ર ઘ માર્ગ પર કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા છવાઈ ગયા હતા અને તેની પાછળ ચાલતા વાહનચાલકો પરેશાન થઈ ઉઠ્યાં હતા. આ માર્ગ પરના અનેક નાગરિકોએ આ બાબતે તિરસ્કાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે દિવસ દરમ્યાન ઘણી બધી એસટી બસો આ સ્થિતિમાં દોડતી દરરોજ જોવા મળે છે.

પર્યાવરણ બચાવવા અર્થે મધર ટેરેસા વર્લ્ડ શાળાના વિદ્યાર્થીઓનું પગલુ

પર્યાવરણની જાળવણીને ફક્ત પુસ્તક સુધી સિમિત ન રખાતા વાસ્તવિક રીતે અમલમાં મુકી પર્યાવરણની વિમુખ બનેલા લોકોને જાગૃત કરવા મધર ટેરેસા વર્લ્ડ શાળાના ૩૫૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ૨૦૦ જેટલા છોડ રોપવામાં આવ્યા હતા. છોડ રોપણની શરૂઆત ભાડજ હરેકૃષ્ણ મંદિરના પ્રભુજી વિદ્યાસાગર નિમવ દાસા અને શાળાના આચાર્ય રાજુ ડેનિસ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ ગાલા હેવનથી લઈ અદાણી પ્રથમ સુધી અને ચાંદખેડા-શ્યામ સત્ય બંગ્લોઝથી રીંગ રોડ સુધી અલગ અલગ સોસાયટીમાં જઈ લગભગ ૨૦૦ જેટલા છોડવા શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા રોપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓએ પર્યાવરણ બચાવવા સંબંધીત કાર્ય કરીને ખુશીની લાગણી વ્યક્ત કરી હતી.

તમારા દિલમાં સનસની અને મનમાં ચમકારો થતો હશે તમે યુવાન છો : પુલક ત્રિવેદી

યુવા સંમેલન સાથે યૂથ પાર્લામેન્ટ અને યોગ નિદર્શન યોજાયું

ગાંધીનગર તા. ૨૪

તમારા દિલમાં એક સનસની અને મનમાં એક ચમકારો થતો હશે તો તમે ઘણું કરી શકો છો, તમે યુવાન છો, સોશિયલ મીડિયા તમારા હાથમાં છે, તમે અભિવ્યક્તિકાર છો, તો તમે પણ જર્નાલિસ્ટ છો, તમારા ચિત્તમાં અને મનમાં જે આનંદ છે તેને તેને વહેચી દો કેમકે તમને જે મોજ આવે તે ચિરકાલીન બરકરાર રહેવી જોઈએ. તમારે દરરોજ રાત્રે સૂતા પહેલા ઓછામાં ઓછું ૧૦ પાનાં વાંચન કરવું જોઈએ. આવી જોશભરી સલાહ ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીએ ગાંધીનગરના સેક્ટર-૧૬માં યોજાયેલા યુવા સંમેલનમા ઉપસ્થિત યુવાઓને સોશિયલ મીડિયાના ઉપયોગ અંગે સંબોધન કરતાં આપી હતી. આ પ્રસંગે યુવાઓને યોગ નિદર્શન સાથે યોગાભ્યાસની તાલીમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું તેમજ પ્રધાનમંત્રીનું વકતવ્ય, શુભેચ્છા સંદેશ, યોગ નિદર્શનનો વીડિયો તેમજ યોગ ગીત પણ દર્શવાયું હતું.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે નેહરૂ યુવા કેન્દ્ર દ્વારા ગુજરાત પ્રેસ અકાદમીના સહયોગથી તા. ૨૧મી જૂને આયોજીત "યુવા સંમેલન અને યૂથ પાર્લામેન્ટ"ના કાર્યક્રમમાં ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલકભાઈ ત્રિવેદી ઉપરાંત નિવૃત સનદી અધિકારી પંકજભાઈ ઠાકર, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજિંગ ટ્રસ્ટી ડો. અનિલભાઈ પટેલ, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના યોગાચાર્ય પ્રો. સુધીર શર્મા, નેહરૂ યુવા કેન્દ્રના નિયામક અનિલ કૌશિક, યૂથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર, યોગગુરુ અનલ રાવલ, જાણીતા અભિનેતા-નાટયકાર હસમુખ મેકવાન, ગવર્મેન્ટ સાયન્સ કોલેજના એનએનએસ પ્રોગ્રામ ઓફિસર ડો. ઉમેશ તરપદા, એનસીસી ઓફિસર જીગ્નાસાબેન, જિલ્લા પંચાયત સદસ્ય જયેશ ચૌધરી, હેપ્પી યૂથ કલબના પ્રમુખ સમીર રામી સહિત અન્ય યુવા અગ્રણીઓ અને યુવા સ્વયંસેવકો મોટી સંખ્યામાં જોડાયા હતા. યુવા સંમેલનમા યુવાનોને નેહરૂ યુવા કેન્દ્રની ફ્લેગશિપ યોજનાઓ, સરકારશ્રીના યુવાલક્ષી કલ્યાણકારી કાર્યક્રમો સાથે યોગનું મહત્વ અને જરૂરિયાત અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવો દ્વારા મંગલદીપ પ્રાગટ્ય થકી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. નેહરૂ યુવા કેન્દ્રના યૂથ કો-ઓર્ડિનેટર રજનીકાંત સુથાર દ્વારા પુલકભાઈ ત્રિવેદી, અનલ રાવલ અને સુશિલ શર્માનું શાલ ઓઢાડી સ્મૃતિ ચિન્હ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યકરમના સમાપને જિલ્લાના વિવિધ યુવા મંડળોને સમતગમતના સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંદાજે ૧૫૦થી વધુ યુવા સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

ભરતી પ્રક્રિયાનું બે વર્ષથી પરિણામ લટકાવી રાખી પશુનિરીક્ષક ઉમેદવારો સાથે ચલક ચલાણીની રમત

અંતે ઉમેદવારોએ આજથી ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન શરૂ કર્યુ

ગાંધીનગર, તા. ૨૫

છેલ્લાં પાંચ વર્ષથી બેરોજગાર એવા રાજ્યના પશુનિરીક્ષક ઉમેદવારોની ભરતીનું પરિણામ પણ બે વર્ષથી લટકાવી રખાયું હોવાથી રાજ્યભરના પશુનિરીક્ષક ઉમેદવારોએ ના છૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની રાહ પકડી છે. આજથી પાટનગરના સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણી ખાતે આ ઉમેદવારોએ તેમના આંદોલનનો પ્રારંભ કર્યો છે.

ગુજરાત ગૌણ સેવા દ્વારા પશુધન નિરીક્ષક માટેની ભરતીની જાહેરાત જુન-૨૦૧૭માં આપી તેવી લેખિત પરીક્ષા, કોમ્પ્યુટર, પ્રોફીસીયન સી ટેસ્ટ તથા ડોક્યુમેન્ટ વેરિફીકેશન જેવી તમામ પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવી હતી. આ પછી પશુનિરીક્ષકની ભરતી પરીક્ષાનું પરિણામ જાહેર કરવાનું માત્ર બાકી રખાયું હતું જેની ઉમેદવારો આજદિન સતત કાગડોળે રાહ જોઈ રહ્યાં છે પરંતુ કોઈપણ ગર્ભિત કારણોસર આ પરિણામ જાહેર કરવામો આવતુ નથી. આ અંગે ઉમેદવારોને જાન્યુઆરી ૨૦૧૯માં વચન આપવામાં આવ્યું હતું કે લોકસભાની ચૂંટણીઓ પહેલા સંપૂર્ણ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી દેવામાં આવશે પરંતુ તે પણ માત્ર "ગાજર લટકાવ્યા' સમાન સાબિત થયું છે. જ્યાં સુધી આ પરીક્ષાનું પરિણામ જાહેર ના થાય ત્યાં સુધી તેના ઉમેદવારો ખાનગી પ્રેકટીસ પણ કરી ના શકે તેવો નિયમ હોવાથી આ ઉમેદવારો આવડત અને લાયકાત હોવા છતાં રોજગારી રળી શકતા નથી અને બેરોજગારીથી પિડાઈ રહ્યાં છે. આ પરીક્ષાના મોટાભાગના ઉમેદવારો પોતે ખેતી તથા પશુપાલનના વ્યવસાય પર નભતા પરિવારોમાંથી આવે છે પરંતુ પોતાના કૌશલ્યનો ઉપયોગ કરી શકતા નથી તેથી સમાજમાં તેમને મ્હેણા-ટોણાનો ભોગ બનવું પડી રહ્યું છે. આ ઉમેદવારો હવે ભરતી પ્રક્રિયા માટે સચિવાલય તથા સરકારી કચેરીઓમાં આંટા મારી મારીને થાકી ગયા પરંતુ ગૌણ સેવા પસંદગી મંડળ, પશુપાલન ખાતુ, પશુપાલન મત્સ્ય અને ગૌ-સંવર્ધન વિભાગના અધિકારીઓ ઉમેદવારોને 'ચલકચલાણી-પેલે ઘેર ધાણી' રમાડી રહ્યાં છે. તેથી અંતે ઉમેદવારોએ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો નિર્ણય લેવો પડ્યો છે અને તેની આજથી શરૂઆત કરી છે. આ આંદોલનમાં આજે અંદાજે સવાસો જેટલા પશુનિરીક્ષક ઉમેદવારો જોડાયાં હતા.

સાદરા વિદ્યાપીઠમાં યોગ દિવસની મોટાપાયે ઉજવણી

ગાંધીનગર, તા. ૨૫

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા દ્વારા વિશ્વયોગ દિવસની ઉજવણીનો કાર્યક્રમ ખૂબજ ધામધૂમ અને ઉત્સાહથી કરવામાં આવ્યો. ઉદઘાટન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગૂજરાત વિદ્યાપીઠ, રાષ્ટ્રીય સેવા યોજના એકમના કો-ઓર્ડિનેટર ડૉ. અરૂણભાઈ ગાંધી હાજર રહ્યા હતા. સાથે સાથે સાદરા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી રંજનબેન પટેલ, સાદરા હાઈસ્કૂલના સિનિયર શિક્ષકશ્રી જસુભાઈ પરમાર, ડૉ. ઉદાજી પરમાર, પ્રોગ્રામ ઓફિસર ડૉ. કનુભાઈ વસાવા અને પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્યશ્રી તેજસભાઈ ઠાકર પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. હાઈસ્કૂલ સાદરા, પ્રાથમિક શાળા, સાદરા, મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય, સાદરા અને શારીરિક શિક્ષણ વિભાગ સાદરાના કુલ ૯૦૦ વિદ્યાર્થી ભાઈ-બહેનો અને અધ્યાપક-અધ્યાપિકાઓએ આ યોગ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. યોગ નિદર્શન તરીકે વિશાલ રાણા અને વર્ષા રાણી ભુયણે પોતાની ખૂબજ સરસ કામગીરી નિભાવી હતી. શારીરિક શિક્ષણ વિભાગના અધ્યાપક ડૉ. ગીતાબેન પટેલ, ડૉ. વિજયભાઈ મકવાણા, ડૉ. દલસંગભાઈ ચૌધરી, ભરતભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, ડૉ. અરવિંદભાઈ રામી અને મોહનભાઈ પટેલ આ આયોજનમાં ખુબ જ જહેમત અને મહેનત કરીને સફળ બનાવવામાં પોતાની મુખ્ય ભૂમિકા ભજવી હતી. સંપૂર્ણ કાર્યક્રમમાં પ્રેરણા સ્ત્રોત તરીકેના માર્ગદર્શન ડીન ડૉ. પ્રભુલાલ કાસુન્દ્રાએ આપ્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટે કર્યું હતું.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર બાબુજી રમણજી ઉ.વ. ૩૫
- સ્વ. ચૌધરી ધનીબેન રમણભાઈ ઉ.વ. ૭૮
- સ્વ. દુર્ગાસિંહ પદોડીયા ઉ.વ.૬૬
- સ્વ. દંતાણી કસ્તુરજી સોમાજી ઉ.વ. ૬૨